ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૮-૬-૨૦૨૩

- **સચિવાલયની સરકારી ઓફિસોમાં વારંવાર થતી આગની ઘટના અને મહત્વના દસ્તાવેજ નાશ પામવા એ પ્રયોગ છે કે સંયોગ છે? ભાજપ સરકાર જવાબ આપે.**

**જુના સચિવાલયમાં વિવિધ બ્લોકમાં આગ લાગવાની વધુ એક ઘટના એ ભ્રષ્ટાચાર-ગેરરીતી-ગોટાળાના દસ્તાવેજો-પુરાવા નાશ કરવાના ભાગરૂપે છે કે શું? જુના સચિવાલય સહીતની મહત્વ કચેરીમાં વારંવાર આગ લાગવાની ઘટનાની હાઈકોર્ટના સીટીંગ જજના નેતૃત્વમાં તપાસની માંગ** કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા ડીપાર્ટમેન્ટના કન્વીનર અને પ્રવક્તાશ્રી ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે **સચિવાલયના બ્લોક નંબર ૧૭માં પેન્શનરો-પ્રોવિડંડ ફંડ, ટ્રેઝરી અને કંટ્રોલ ઓફીસમાં લાગેલી આગને લીધે ગુજરાતના નિવૃત કર્મચારીના પેન્શન અને પ્રોવિડંડ ફંડ સહીત મહત્વના પરિપત્રો - દસ્તાવેજો બળી ખાખ** થતા મોટું નુકસાન થયાની વિગત સામે આવી રહી છે. ભૂતકાળમાં પણ વારંવાર સચિવાલયમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે. જે ચિંતા સાથે શંકા ઉપજાવે છે. ગાંધીનગર જિલ્લા પંચાયત ભવનના આંકડા ભવનમાં પણ ભીષણ આગ લાગી. જેમાં મહત્વના દસ્તાવેજ બળીને ખાખ થઇ ગયા હતા. જેમાં બે વિભાગનો રેકોર્ડ તેમજ બાર જેટલા કોમ્પ્યુટર બળીને ખાખ થઈ ગયા હતા કરોડો રૂપિયાના કાંડ-કૌભાંડથી બચવા ભાજપના ધમપછાડા જગજાહેર છે. નવા અને જૂના સચિવાલય સહિત 15 જેટલી સરકારી બિલ્ડિંગો પાસે જ ફાયર NOC નથી અને **ભાજપ સરકાર વારંવાર સબ સલામતના દાવા કરે છે અને બીજી બાજુ આગ લાગવાની ઘટનામાં મહત્વની દસ્તાવેજો-પુરાવા સુનિયોજિત રીતે નાશ પામી રહ્યા છે...!**

ભૂતકાળમાં કમિશનર કચેરીમાં લાગેલી આગમાં ગરીબ કલ્યાણ મેળા, ગુજરાત પંચાયત અધિ. ૧૯૯૩ અન્વયે પંચાયત પદાધિકારીઓ સામેની ફરિયાદો, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ સામે પગલાં લેવાની જોગવાઈ, ગ્રામ-તાલુકા-જિલ્લા પંચાયતને સુપરસીડ કે વિસર્જન અંગેની કામગીરી, પંચાયતના પ્રમુખની હવાઈ પ્રવાસની મંજૂરી, તાલુકા-જિલ્લા પંચાયતને સ્વભંડોળમાંથી વાહનો ખરીદવાની પૂર્વ મંજૂરી સહિતનાં દસ્તાવોજોની ફાઈલો ખાખ થઇ ગયા છે. સૌથી આશ્ચર્યની બાબત છે કે, ગુજરાત સરકારના કિંમતી દસ્તાવેજો ખાખ થયા, પરંતુ અધિકારીઓની કચેરીને કોઈ નુકસાન થયું નથી. ભૂતકાળમાં **જીએસપીસીમાં થયેલા રૂ.૩૦ હજાર કરોડના કૌભાંડ અને ત્યારબાદ કચેરીમાં આગની ઘટના અને કરોડો રૂપિયાના દસ્તાવેજો ભસ્મિભૂત થયાની ઘટના સામે આવી છે પરંતુ કોઈ તપાસ કે વિગત આજદિન સુધી બહાર આવી નથી**. ત્યારે સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે આગ લાગી કે લગાડવામાં આવી હતી? શું પંચાયત વિભાગના મહત્વના દસ્તાવેજો જાણી જોઈને ભસ્મીભૂત કરવામાં આવ્યા? તે અંગે હાઈકોર્ટના સીટીંગ જજના વડપણ હેઠળ તપાસ થાયએ જરૂરી છે. સચિવાલયની સરકારી ઓફિસોમાં વારંવાર થતી આગની ઘટના અને મહત્વના દસ્તાવેજ નાશ પામવા એ પ્રયોગ છે કે સંયોગ છે? ભાજપ સરકાર જવાબ આપે.

હિરેન બેંકર
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ